# ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ (આઈ.ટી.) નં.૨૩/૨૦૨૪

આંક–૦૮

પ્રથમ પક્ષકાર :– ધી ટકારમા ગૃપ કો.ઓ. દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળી લી.,
મુ.ટકારમા પાટીયા,
તા.ઓલાપાડ, જી.સુરત.

::– વિ રૂ ધ્ધ –::

બીજા પક્ષકાર :– ગુજરાત રાજય સહકારી મંડળી કર્મચારી સંઘ,
પેટલાદ, "મજૂર સેવાલય" સ્ટેશન રોડ,
પેટલાદ–૩૮૮૪૫૦.

પ્રથમ પક્ષકાર તરફે :– ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે :– ગેરહાજર.

::– એ વો ર્ડ –::

**(૧)** હાલનો આ ઔદ્યોગિક વિવાદ નાયબ શ્રમ આયુકતની કચેરી, સુરતના તા.૧૩/૧૨/૨૦૨૪ નાં હુકમ ક્રમાંક : કે.એચ.આર./એસ.એચ.એમ.સી./આઈડીસી./સુ/૧૨/૨૦૨૪ થી આ ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ અનુસુચિમાં જણાવેલ તકરારોના ન્યાય નિર્ણય અર્થે મોકલેલ છે.

::– અનુસુચિ –::

માંગણીઓ :– સંસ્થામાં ફરજ બજાવતા કામદારોને તેમના હાલના ગ્રેડમાં મૂળ પગારમાં ૩૦% નો પગાર વધારો તેમજ આ વધારાને મૂળ પગારમાં એડજસ્ટ કરી દરેક કર્મચારીને તેમના ગ્રેડમાં ૧ ઈન્ક્રીમેન્ટ પ્રોત્સાહન તરીકે આપવા અને ગુજરાત સરકારના લઘુત્તમ વેતન ધારા મુજબ મોંઘવારી ભથ્થુ આપવા અને મેડીકલેઈમ પોલીસી અને અકસ્માત પોલીસીનું પ્રિમીયમ સંસ્થાએ ભરી આપવા તથા ગણવેશ, મુસાફરી તથા ઓવરટાઈમ તેમજ સંસ્થામાં ઉપરોકત માંગણીઓમાં જણાવેલ લાભો સિવાય વ્યકિતગત અને સામૂહિક જે પ્રકારના લાભો

ચાલી આવતી પ્રથા, ઠરાવો કે અન્ય રીતે મળતા હોઈ તે આપવા ચાલુ રાખવા અને સમાધાનનો અમલ કરાવવા વિગેરે કુલ–૮ માંગણીઓ મુકવામાં આવેલ છે.

**(૨)** આ કામ બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ કરવા ઉપર છે. બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ નથી અને બીજા પક્ષકારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક આંક–૦૧ હેઠળ હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. બીજા પક્ષકારને આ કામની નોટીસ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ બજી ગયેલ હોવા અંગેની પ્રાપ્તિ સ્વીકૃતિ પહોંચ આંક–૬ થી રજુ છે. બીજા પક્ષકાર આજદિન સુધી આ કામે હાજર રહેલ નથી. આજરોજ પણ બીજા પક્ષકારનો કોર્ટ સમય પુરો થતા સુધી અવાર નવાર પોકાર કરાવવા છતાં હાજર થયેલ નથી કે પુરાવો રજુ નથી કે પુરાવો રજુ કરવા માટે મુદત અરજી પણ રજુ થયેલ નથી. જેથી આ કામ વધુ મુદત માટે બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ થવા ઉપર મુલત્વી રાખવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. આ કામે પ્રથમ પક્ષકારને તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજની મુદતની આંક–૦૭ વાળી નોટીસ બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રથમ પક્ષકાર આ કામે હાજર થયેલા નથી. ઉપરોકત હકીકતે આ કામ પુરાવો રજુ થવા માટે મુલત્વી રાખવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી.

**(૩)** આ કામે ઉપરોકત હકીકતે બીજા પક્ષકાર તરફે ટર્મ્સ ઓફ રેફરન્સ અંગે માંગણા નિવેદન કે સોગંદ ઉપરનો પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, બીજા પક્ષકારની ગેરહાજરી તથા પુરાવાના અભાવે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

રેફરન્સ (આઈ.ટી.) નં.૨૩/૨૦૨૪ બીજા પક્ષકારની ગેરહાજરી તથા પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૦૭મી માર્ચ–૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– એસ.જી.ચૌધરી )